જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૪/૨૦૧૬ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-**    **સમાચાર યાદી નં.૬૨૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી ૨૨૦ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-**    **સમાચાર યાદી નં.૬૨૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-**    **સમાચાર યાદી નં.૬૨૫/૧૬**

**કાગડાપીઠ** : (૧) મેહુલકુમાર શકરાભાઇ પરમાર (રહે.સેક્ટર-૧/સી, ગાંધીનગર) એ તા.૩/૪/૧૬ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૨ થી તા.૩/૪/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અરજણભાઇ ઉકાભાઇ સોલંકી (રહે.શીવધારા ફ્લેટ, બહેરામપુરા પોસ્ટ ઓફીસ સામે, બહેરામપુરા) અને (૨) જયંતિલાલ રમેશભાઇ સોલંકી (રહે.કરીમ કઠિયાની ચાલી, જમાલપુર) એ ભેગામળી મેહુલકુમારને પોતાની મહાકાલેશ્વર કંન્ટ્રક્શન કંપનીમાં રોકાણ કરી પ્રોફીટ આપવાની લાલચ આપી વિશ્વાસમાં લઇ, મેહુલકુમાર પાસેથી અલગ-અલગ જગ્યાએ ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૮૦,૦૦,૦૦૦/- મેળવી લઇ, કોઇ પ્રોફીટ કે નાણાં પરત નહી કરી, મેહુલકુમાર સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એલ.રોહીત ચલાવે છે.

(૨) સુરેશભાઈ સોહનલાલ જૈન (રહે.ઓલ્ડ નંબર ૧૨૦ ન્યુ નંબર ૧૧૬ કોદા આલાકમ ગઈ રોડ નુનગમ બાકલ ચેન્નઈ) એ તા.૩/૪/૧૬ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૪/૨૦૧૬ કલાક ૧૦/૦૦ વાગે આરોપી (૧) રણજીતભાઇ તિરૂપતી એર કાર્ગોના માલીક (૨) તિરૂપતી એર કાર્ગોના મેનેજર અને (૩) તિરૂપતી એર કાર્ગોનો મળતીયો માણસ એ ભેગામળી સારંગપુર ઘંટાકર્ણ માર્કેટ તિરૂપતી એર કાર્ગો ખાતેથી કાપડનો માલ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- સગેવગે કરી સુરેશભાઈ જૈન સાથે છેતરપીંડી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એમ વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૬૨૬/૧૬**

**નારણપુરા** : સૌમિલ રોહિતકુમાર દવે (રહે.આદર્શનગર સોસાયટી, નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૪/૧૬ બપોરનાં ૧૨/૩૦ થી સાંજનાં ૫/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના, જરૂરી ચીજવસ્તુઓ, ગેસનો બાટલો તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૩૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.વાણીયા ચલાવે છે.

**વસ્ત્રાપુર** : મદનલાલ સામંતલાલ જૈન (રહે,મિલનપાર્ક સોસાયટી, વસ્ત્રાપુર હાર્ટ સામે, વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૪/૧૬ સવારનાં ૧૧/૩૦ થી સાંજનાં ૫/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાનાં દાગીના અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૩,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.ડી.પરમાર ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૬૨૭/૧૬**

**માધવપુરા** : લાલાભાઇ કરશનભાઇ ભીલ (ઉ.વ.૩૨) (રહે.રબારીવાસ, તા.કડી, જી.મહેસાણા) તા.૨૯/૩/૧૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે માધવપુરા સહજાનંદ કોમ્પલેક્ષ પાછળ, રંગાટીની ચાલીમાં આવેલ પોતાની સાસરીમાં જતાં, પત્નીએ મળવાની અને વાતચીત કરવાની ના પાડતાં, મનમાં લાગી આવતાં, લાલાભાઇ પોતાના શરીરે પેટ્રોલ છાંટી સળગી જતાં, સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩/૪/૧૬ નાં કલાક ૪/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કમલેશભાઇ નાનજીભાઇ ચલાવે છે.

**દાણીલીમડા** : કેતનભાઇ દલપતભાઇ કોરડીયા (ઉ.વ.૩૧) (રહે.જયજગત સોસાયટી, કબાડીની દુકાન નં.૩ની બાજુમાં, બહેરામપુરા દાણીલીમડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૩/૪/૧૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દોરી વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.પરમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)